सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ. | ૦૭/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૦૭/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ. | ૧૩/૦૩/૨૦૨૬ | | |
| સમય ગાળો :- | વર્ષ | માસ | દિન |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

**મે.મહેસાણાના બીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મહેસાણા.**

**ફોજદારી પરચું.(જામીન) અરજી નં.૨૭૦/૨૦૨૬**

**આંકઃ-૭**

**અરજદાર/આરોપી** **ઠાકોર રોહિતજી જીવણજી**
ઉ.વ.આ.૨૫, ધંધો.ખેત,
રહે.સમેત્રા, તા.જી.મહેસાણા.
(હાલ જીલ્લા જેલ, મહેસાણા)

**વિરૂધ્ધ**

**સામાવાળા** **(૧)ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

-----------------------------------

અરજદાર/આરોપી તરફે **:-** વિ.વ.શ્રી.લીગલ એઈડ ડી.એલ.રાણા.
સરકાર તરફે **:-** વિ.સરકારી વકીલ.શ્રી.પી.કે.દવે.

-----------------------------------

**વિષયઃ-** બી.એન.એસ.ની ક.૪૮૩, મુજબ વચગાળાના જામીન માટે અરજ

**-// ચુકા દો //-**

(૧) અરજદાર આરોપીને મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી નં.૧૧૨૦૬૦૪૩૨૫૦૮૧૪/૨૦૨૫ થી ઈ.પી.કો.ની ક. ૩૧૭

(૪), ૩૧૮(૪), ૫૪ મુજબના ગુનાના કામે અટક કરી કોર્ટમાં રજૂ કરતા જ્યુડીશ્યલ કસ્ટડીમાં લેવામાં આવેલા છે તે સંજોગોમાં આરોપીએ પોતાની દિકરીની બીમારીનુ કારણ રજુ કરી દિન–૨૦ ના વચગાળાના જામીનની માંગણી કરતી અરજી ગુજારેલી છે, જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રીની લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આરોપી જ્યુડિશ્યલ કસ્ટડીમાં છે અને તેઓની પત્નીને ડીલીવરી આવેલી છે અને બાળકીનો જન્મ થયેલો છે અને આ બાળકીની તબિયત સારી રહેતી નથી તેમજ સારવાર કરાવવાની જરૂરિયાત છે અને નાણાકીય વ્યવસ્થા કરવાની જરૂરિયાત હોય દિન–૨૦ ના વચગાળાના જામીન મંજુર કરવા દલીલ કરેલી છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ. સરકારી વ.શ્રી.ની લંબાણપૂર્વક ની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કેસમાં સાયબર ફ્રોડનો બનાવ છે અને આ પ્રકારના ગુનાનું પ્રમાણ ખૂબ જ વધુ છે. અરજદારે જે કારણ જણાવેલ છે તે યોગ્ય અને વ્યાજબી નથી તેમજ પોલીસે તપાસ કરેલી છે તેમાં પણ અરજદારની દીકરીને સારવારની કોઈ જરૂરિયાત નથી. જેથી હાલની અરજી નામંજૂર (રદ) કરવા દલીલ કરેલી છે.

(૪) આ કામે આંક–૬ થી પોલીસે રજૂ કરેલો રીપોર્ટ ધ્યાને લીધો તથા તેની સાથેના કાગળોની વિગતો ધ્યાને લીધી.

(૫) આરોપીની પત્ની અંજલીબેનનાઓએ એક દીકરી તા.૧૧/૦૨ / ૨૦૨૬ ના રોજ જન્મ આપેલો હતો જેથી તે બાબતને લગભગ એક માસનો સમય થઈ ગયેલો છે જેથી આ અંજલીબેનને બીજી કોઈ સારવાર ચાલુ હોય તેવું જાહેર થયેલું નથી.

વધુમાં આ કામે અરજદાર તરફે આરોપીની દીકરી બીમાર હોવાની બાબત રજૂ કરવામાં આવેલી છે પરંતુ **પોલીસે આ બાબતે આરોપીની દીકરીની સારવાર કરનાર ડોક્ટર આશિષ ચૌધરી નેસ્ટ ચિલ્ડ્રન હોસ્પિટલ, મહેસાણાનાઓ પાસે કરાવેલી હોવાથી આ ડોક્ટરનું નિવેદન પોલીસે લીધેલ છે અને તેમાં તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ બાળકને રૂટીન રસી આપવામાં આવેલી હતી અને કોઈ સિરિયસ બીમારી જેવું લાગેલ ન હતું**. વધુમાં **ડોક્ટર દીપક શાહ નીલદીપ ચિલ્ડ્રન હોસ્પિટલ વાળાનું નિવેદન નોંધેલું અને તેમાં આ નવજાત બાળકીને કોઈ સિરિયસ બીમારી જણાઈ આવેલો ન હોવાથી સારવાર કરીને રજા આપી દેવામાં આવેલ હતી. અરજદારની દીકરીની કોઈપણ જગ્યાએ સારવાર ચાલુ નથી અને સારવાર કરાવી પડે તેવી કોઈ બીમારી નથી**. જેથી અરજદારની દીકરીની સારવાર માટેનું કારણ અસ્તિત્વમાં રહેતું નથી તેથી તે કારણસર અરજદારને જામીન મળવાપાત્ર થતા નથી.

(૬) આ કામે આરોપીએ નાણાકીય વ્યવસ્થા કરવા માટે વચગાળાના જામીનની માંગણી કરી છે પરંતુ આરોપી સામે એફ.આઈ. આર. માં જે ગુનો કરેલાના આક્ષેપો કરવામાં આવેલા છે તે વિગતને ધ્યાને લેતા હાલના આરોપી વચગાળાના જામીન ઉપર જામીન મુક્ત થયા બાદ કયા કાયદેસરના નાણાકીય સ્ત્રોત મારફતે નાણાકીય વ્યવસ્થા કરવાના છે તેવી કોઈ વિગત જાહેર કરતા નથી. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો હાલના આરોપી કોઈ મિલકત વેચીને નાણાં એકત્ર કરવાના હોય કે સોના ચાંદીના દાગીના વેચીને નાણા એકત્ર કરવાના હોય કે કોઈ વ્યક્તિને ઉછીના આપેલ હોય તે વ્યક્તિ પાસેથી નાણાં પરત મેળવવાના હોય કે કોઈ મિલકત બેંકમાં ગીરો મૂકીને નાણા મેળવવાના હોય કે બેંકમાં કોઈ એફ.ડી.માં કે કોઈ ખાતામાં રકમ મૂકેલી હોય અને ત્યાંથી ઉપાડવાની હોય તે રીતના કોઈ કાયદેસરના નાણાકીય સ્ત્રોતની વિગત જાહેર કરવામાં આવેલી નથી.

આવા સંજોગોમાં આરોપી કાયદેસરના નાણાંકીય સ્ત્રોતની વિગત જાહેર કરતા ન હોય અને આરોપીને નાણાંકીય જરૂરીયાત હોય તો સ્વાભાવિક રીતે ગેરકાયદેસરના સ્ત્રોત દ્વારા ગુનાહિત પ્રવૃત્તિ કરીને આરોપી નાણાં એકત્ર કરે તેવું જણાય છે જેથી વચગાળાના જામીન આપવાથી આરોપીને અદાલત દ્વારા જાણતા અજાણતા બીજો નવો આ પ્રકારનો ગુનો કરવાની તક આપવામાં આવતી હોય તેવું જણાય છે.

આમ, ઉપરોક્ત તમામ ચર્ચા અને સંજોગો ધ્યાને લેતા આરોપીને વચગાળાના જામીન ઉપર જામીન મુક્ત કરવા માટેનું કાયદેસરનું, વ્યાજબી, મુનાસિફ, ન્યાયિક કારણ મને જણાતું નથી તેથી નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-// હુકમ //-**

આથી આરોપીની હાલની પોતાની દિકરીની બીમારીનુ કારણ આગળ ધરી વચગાળાના જામીનની માંગણી કરતી અરજી નામંજુર (રદ) કરવામાં આવે છે.

આ હુકમની જાણ આરોપીને જેલમાં જેલર મારફતે કરવી.

આ હુકમ આજરોજ તા.૧૩ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૩/૦૩/૨૦૨૬
સ્થળ: મહેસાણા.

(એમ.એફ. ખત્રી)
બીજા એડીશ્નલ સેશન્સ જજ,
મહેસાણા
જીજે૦૦૬૯૧